# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-03-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :SATURDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રિદ્ધી ઉંધાડ** વાંચે છે.

***************************************************

1) ગૃહમંત્રી અમિત શાહ આજે આસામમાં અનેક વિકાસ યોજનાઓનો શુભારંભ કરાવશે.
2) માર્ક કાર્ની કેનેડાના નવા પ્રધાનમંત્રી બન્યા - કાર્ની જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે
3) પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજનામાં મહારાષ્ટ્રે દેશમાં બીજું સ્થાન મેળવ્યું
4) ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળમાં અંદાજે અબજ ડોલરનો વધારો થયો 15
5) આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ-ગ્રાહકનાં અધિકારો અને તેમના રક્ષણની જરૂરિયાતની યાદ અપાવવા માટે ઉજવાય છે.
6) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની ફાઇનલમાં આજે મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# AMIT-SHAH--ASSAM--MIZORAM

ગૃહમંત્રી અમિત શાહ આજે આસામમાં અનેક વિકાસ યોજનાઓનો શુભારંભ કરશે. તેઓ અત્યાધુનિક લચિત બરફૂકન પોલીસ એકેડેમીનું ઉદ્ઘાટન કરશે અને પોલીસ એકેડેમી રહેણાંક પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. આ પ્રસંગે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમા અને કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ પણ ઉપસ્થિત રહેશે. શ્રી શાહ ગઈકાલે સાંજે આસામના ગોલાઘાટ પહોંચ્યા હતાં.

ગૃહમંત્રી આજે બપોરે મિઝોરમની મુલાકાત લેશે અને આસામ રાઇફલ્સ બેઝને આઈઝોલથી ઝોખાવસાંગ ખસેડવાના સમારોહમાં હાજરી આપશે.

શ્રી શાહ આવતીકાલે કોકરાઝાર જિલ્લાના દોત્મા ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી સંઘના વાર્ષિક સમારોહને સંબોધિત કરશે અને ત્યારબાદ ગુવાહાટીમાં પૂર્વોત્તર ક્ષેત્રના આઠ મુખ્યમંત્રીઓ સાથે પૂર્વોત્તરમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણની સમીક્ષા કરશે. આ અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ...

**(વોઈસ કાસ્ટ—વિરેન્દ્ર કૌશિક)**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CANADA PM

પૂર્વ કેન્દ્રિય બેંકર માર્ક કાર્ની કેનેડાના નવા પ્રધાનમંત્રી બન્યા છે. ૬૯ વર્ષીય કાર્ની પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોનું સ્થાન લેશે. ટ્રુડો નવ વર્ષ સુધી કેનેડાના પ્રધાનમંત્રી રહ્યા હતાં. કિંગ ચાર્લ્સના અંગત પ્રતિનિધિ, ગવર્નર જનરલ મેરી સિમોને ગઈકાલે ઓટાવામાં કાર્નીને 24મા પ્રધાનમંત્રી તરીકે શપથ લેવડાવ્યા.

શપથ લીધા પછી, શ્રી કાર્નીએ કહ્યું કે કેનેડા ક્યારેય અમેરીકાનો ભાગ બનશે નહીં. તેમણે કહ્યું કે કેનેડા મૂળભૂત રીતે એક અલગ દેશ છે. કેનેડા અમેરિકા અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસેથી આદરની અપેક્ષા રાખે છે અને જો તેઓ કેનેડાની સાર્વભૌમત્વ પ્રત્યે આદર બતાવે તો જ તેઓ તેમને મળી શકે છે. શ્રી કાર્નીએ કહ્યું કે મારી હાલમાં અમેરિકાની મુલાકાત લેવાની કોઈ યોજના નથી પરંતુ શ્રી ટ્રમ્પ તરફથી ફોન આવવાની અપેક્ષા છે. શ્રી કાર્નીએ કહ્યું કે તેઓ થોડા દિવસોમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન અને બ્રિટનનાં પ્રધાનમંત્રી કીર સ્ટારમરને મળવા માટે યુરોપ જશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## DENMARK-GREENLAND-US

ગ્રીનલેન્ડ અમેરીકાનો ભાગ બની શકે છે એવી અટકળોને ડેન્માર્કનાં વિદેશમંત્રી લાર્સ લોકે રાસમુસેને ફગાવી દીધી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં કહ્યું હતું કે ગ્રીનલેન્ડને અમેરિકામાં સામેલ કરી શકાય છે. ગ્રીનલેન્ડ ડેનમાર્કનો એક સ્વાયત્ત પ્રદેશ છે. ગ્રીનલેન્ડમાં તાજેતરની ચૂંટણીઓ અંગે, રાસમુસેને કહ્યું કે આ પરિણામોને ગ્રીનલેન્ડની સ્વતંત્રતા અથવા અમેરીકામાં જોડાવાની કોઈપણ યોજનાના સંકેત તરીકે જોવું ખોટું હશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MAHARASTRA PM SURYAGAR YOJNA

પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજનામાં મહારાષ્ટ્રે દેશમાં બીજું સ્થાન મેળવ્યું છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મીડિયા પર આ માહિતી આપી. આ યોજના હેઠળ મહારાષ્ટ્રે એક લાખ 92 હજાર 936 સૌર ઉર્જા પ્લાન્ટ સ્થાપિત કરીને આ સિદ્ધી હાંસલ કરી છે. આ યોજના ગયા વર્ષે 13 ફેબ્રુઆરીએ શરૂ કરવામાં આવી હતી અને આ વર્ષે 10 માર્ચ સુધીમાં દેશમાં 10 લાખ 9 હજાર સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. શ્રી ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્ર આ યોજનામાં યોગદાન આપવાનું ચાલુ રાખશે. આ યોજના હેઠળ, વર્ષ 2026-27 સુધીમાં એક કરોડ પરિવારોને સૌર ઉર્જા પૂરી પાડવાનો લક્ષ્યાંક છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SPACEX-SUNITA-WILLIAMS

સ્પેસએક્સ અને નાસાએ અમેરિકન અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી પાછા લાવવા માટે એક મિશન શરૂ કર્યું છે. સુનિતા અને બુચ નવ મહિનાથી સ્પેસ સ્ટેશનમાં અટવાયેલા છે. ક્રૂ-૧૦ મિશન પર ડ્રેગન અવકાશયાનને લઈ જતું ફાલ્કન-નાઈન રોકેટ ગઈકાલે રાત્રે લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ મિશન હેઠળ ચાર ક્રૂ સભ્યોને પણ સ્પેસ સ્ટેશન મોકલવામાં આવ્યા છે. નાસાના અવકાશયાત્રીઓ એન મેકક્લેન અને નિકોલ આયર્સ, જાપાન એરોસ્પેસ એક્સપ્લોરેશન એજન્સીના અવકાશયાત્રી તાકુયા ઓનિશી અને રોસકોસ્મોસ અવકાશયાત્રી કિરીલ પેસ્કોવ આ મિશનમાં ગયા છે.

ફોક્સ ન્યૂઝનાં એક અહેવાલ મુજબ પ્રક્ષેપણ પહેલા, અમેરીકાનાં સંરક્ષણ સચિવ પીટ હેગસેથે નાસાના સ્પેસએક્સ ક્રૂ-10 માટે સમર્થનનો એક વિડિઓ સંદેશ શેર કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

..............................................................

# ASHWINI-VAISHNAV--TN-VISIT

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે તમિલનાડુની એક દિવસની મુલાકાતે ચેન્નાઈ જશે. શ્રી વૈષ્ણવ તિરુવલ્લુરમાં ઝેટવર્ક ઇલેક્ટ્રોનિક્સના નવા પરિસરનું ઉદ્ઘાટન કરશે. તેઓ હાઇપરલૂપ પોડની પણ મુલાકાત લેશે અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-IIT થાઇયુર કેમ્પસમાં ટીમ સાથે વાતચીત કરશે. શ્રી વૈષ્ણવ ઇનોવેશન સેન્ટરની પણ મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FOREX RESERVES

સાત માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતના વિદેશી હૂંડિયામણ ભંડોળમાં અંદાજે 15 અબજ ડોલરનો વધારો થયો છે, જે 653 અબજ ડોલરથી વધુ છે. ભારતીય રિઝર્વ બેંકે બહાર પાડેલા સાપ્તાહિક આંકડા અનુસાર, વિદેશી ચલણ સંપત્તિ, જે ભંડોળનો મુખ્ય ઘટક છે, તે 13 અબજ 93 કરોડ ડોલરથી વધીને 557 અબજ ડોલરથી વધુ થઈ ગયું છે.

ગયા સપ્તાહ દરમિયાન, સોનાના ભંડોળમાં એક અબજ ડોલરનો વધારો થયો છે, જે કુલ 74 અબજ ડોલરથી વધુ છે. આ ઉપરાંત, વિશેષ ઉપાડ અધિકાર 212 મિલિયન ડોલર વધીને 18 અબજ ડોલરથી વધુ થયો અને આંતરરાષ્ટ્રીય મુદ્રા ભંડાર IMFમાં સેન્ટ્રલ બેંકનું સ્થાન 69 મિલિયન ડોલર વધીને 4 અબજ ડોલરથી વધુનું થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CONSUMER-RIGHTS-DAY

આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ છે. આ દિવસ દર વર્ષે 15 માર્ચે ગ્રાહકનાં અધિકારો અને તેમના રક્ષણની જરૂરિયાતની યાદ અપાવવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસ બધા ગ્રાહકોના મૂળભૂત અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેમને તે અધિકારોનું સન્માન અને રક્ષણ કરવા પ્રોત્સાહિત કરવાનો પણ એક અવસર પૂરો પાડે છે. અમારા સંવાદદાતા જણાવે છે કે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ 2025 ની થીમ છે - ટકાઉ જીવનશૈલી માટે ન્યાયોચિત પરિવર્તન

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની ફાઇનલમાં આજે મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે. આ મેચ મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

મેગ લેનિંગની કેપ્ટનશીપ હેઠળ, દિલ્હી કેપિટલ્સે આઠમાંથી પાંચ મેચ જીતી છે. દિલ્હી કેપિટલ્સે પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ દિલ્હી કેપિટલ્સનો સતત ત્રીજો ફાઇનલ મુકાબલો છે. ટીમ હજુ સુધી ચેમ્પિયનશિપ જીતી શકી નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ માટે છત્તીસગઢ, ઝારખંડ, વિદર્ભ, ગંગા પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં જુદા-જુદા સ્થળોએ ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે.

આજે ઓડિશા અને કચ્છ ક્ષેત્રમાં જુદા-જુદા સ્થળોએ ગરમીથી લઈને તીવ્ર ગરમીનું મોજું ફરી વળવાની સંભાવના છે. હવામાન વિભાગે પૂર્વ ભારતમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી કરી છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ અને હિમવર્ષાની પણ આગાહી કરી છે. હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પંજાબ અને પૂર્વ ઉત્તર પ્રદેશમાં પણ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DELHI-POLICE-ARRESTED.

દિલ્હી પોલીસ દિલ્હી-એનસીઆરમાં ગેરકાયદેસર હથિયારોની દાણચોરીમાં સંડોવાયેલી એક આંતરરાજ્ય ટુકડીનાં ત્રણ મુખ્ય સભ્યોની ધરપકડ કરી છે. આ ટુકડી પાસેથી પોલીસે પાંચ પિસ્તોલ પણ કબજે કરી છે. આ ટુકડી મધ્યપ્રદેશ અને બિહારથી દિલ્હી અને એનસીઆર આવે છે. અને ગેરકાયદેસર હથિયારો પૂરા પાડે છે. ધરપકડ કરાયેલા ત્રણ વ્યક્તિઓની ઓળખ અનિકેત, સૌરવ અને આનંદ કુમાર તરીકે થઈ છે. કાર્યવાહી દરમિયાન, તેના કબજામાંથી પાંચ ગેરકાયદેસર પિસ્તોલ જપ્ત કરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PARAGLIDING-FESTIVAL

આંતરરાષ્ટ્રીય પેરાગ્લાઇડિંગ મહોત્સવ ૧૯ થી ૨૩ માર્ચ દરમિયાન કેરળના વાગામોનના કોલાહલામેડુ ખાતે યોજાશે. તેમાં ૧૧ દેશોના ૮૬ સહભાગીઓ ભાગ લેશે. પાંચ દિવસીય મહોત્સવમાં છ સ્પર્ધાત્મક શ્રેણીઓ હશે, જેમાં પ્રતિષ્ઠિત ઇન્ટરનેશનલ ટોપ લેન્ડિંગ એક્યુરસી કપનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PAKISTAN BLAST

પાકિસ્તાનમાં, ગઈકાલે શુક્રવારની નમાજ દરમિયાન ખૈબર પખ્તુનખ્વા પ્રદેશમાં મૌલાના અબ્દુલ અઝીઝ મસ્જિદમાં થયેલા બોમ્બ વિસ્ફોટમાં એક સ્થાનિક ઇસ્લામી નેતા અને બાળકો સહિત ત્રણ અન્ય લોકો ઘાયલ થયા હતા. પોલીસે જણાવ્યું હતું કે, ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ-IED મસ્જિદની અંદર લગાવવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .